અપીલ અરજી નં.૨૨૨ તા.૧૭–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ એન બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન બથવારની તા.૨૦–૬–૧૧ની અરજીથી ખપાટીયા ચકલા,ઈન્દ્ર પંથ માર્કેટની સામે , ભવાની ચેમ્બર્સની બાજુમાંની મિલ્કત નોંધ નં. ૧૦/૨૨૧ મિલ્કત મેઈન રોડ પર આવેલ છે અને ત્રણ માળની છે જે ખખડધજ ક્ષિણ થયેલ હોય જયાંથી રસ્તા પર અવરજવર કરતા લોકોને ઓંચિતા પડી ઈજા–નુકસાન પહોંચાડે તેમ છે જેથી સદર મિલ્કતને B.P.M.C.Act-1949 ની કલમ–૨૬૪ મુજબ નોટીસ બજાવી સદર મિલ્કતને ઉતારવી અથવા મિલ્કત ધારક સદર મિલ્કતને B.P.M.C.Act-1949 ની કલમ–૪૮૮ મુજબ જાતે ઉતારે એ અંગેની માહિતીની નોટીસ બજાવ્યા બાદની, રૂબરૂ મુલાકાત બાદની માહિતીની નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૨૨/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન બથવારની તા.૨૦–૬–૧૧ની અરજીથી ખપાટીયા ચકલા,ઈન્દ્ર પંથ માર્કેટની સામે , ભવાની ચેમ્બર્સની બાજુમાંની મિલ્કત નોંધ નં. ૧૦/૨૨૧ મિલ્કત મેઈન રોડ પર આવેલ છે અને ત્રણ માળની છે જે ખખડધજ ક્ષિણ થયેલ હોય જયાંથી રસ્તા પર અવરજવર કરતા લોકોને ઓંચિતા પડી ઈજા–નુકસાન પહોંચાડે તેમ છે જેથી સદર મિલ્કતને B.P.M.C.Act-1949 ની કલમ–૨૬૪ મુજબ નોટીસ બજાવી સદર મિલ્કતને ઉતારવી અથવા મિલ્કત ધારક સદર મિલ્કતને B.P.M.C.Act-1949 ની કલમ–૪૮૮ મુજબ જાતે ઉતારે એ અંગેની માહિતીની નોટીસ બજાવ્યા બાદની, રૂબરૂ મુલાકાત બાદની માહિતીની નકલ આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં. સી.ઝેડ./આરટીઆઈ/આઉટ/૫૮૫ તા. ૧૮–૭–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **તથા સાથે આ અંગે કોઈ કાર્યવાહી થયાનું દફતરે હોય તો વિગત જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૬૮૩ તા.૨૪–૮–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને તેમની રજુઆત પ્રથમદર્શી કાર્યવાહી કરાવવાને લગતી જણાય છે. આરટીઆઈની કલમ–૨(એફ) અને (જે) ધ્યાને લેતાં તેઓને માહિતી શું જોઈએ છે ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૩–૯–૧૧ ના રોજનો પૂરક વિગતો જણાવતો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૦–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૮૫ તા.૧૮–૭–૧૧ થી " સેન્ટ્રલઝોન તરફથી રેકર્ડ આધારીત માહિતી આપવામાં આવે છે તમોએ માંગ્યા મુજબની માહિતી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં મળી આવેલ નથી. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૭–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અસત્ય પ્રત્યુત્તરથી નારાજ હોવાનું જણાવેલ છે. જે અંગે અત્રેથી અપીલ તબકકે બંને પક્ષકારોને પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદાર તરફથી પૂરક વિગતોમાં મજકુર મિલ્કત ઓચિંતી પડે તો રસ્તા પર અવર જવર કરતાં નિર્દોષ રાહદારીઓને વગર લેવાદેવા હોસ્પિટલમાં જવાનું યા હયાતી ગુમાવવાનું થાય. જે અંગે મહાનગપાલિકા સક્ષમ વિભાગ હોવા છતાં આગળની કાર્યવાહી કરવા અંગે રજૂઆત જણાય છે. આમ અરજદારની રજૂઆત કાર્યવાહીને લગતી છે. જયારે માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે મિલ્કત ઉતારવાની નોટીસ બાદ સ્થળ તપાસની મુલાકાત બાદની માહિતી માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ ઉપર નહીં હોવાનું જણાવેલ છે. આમ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ માહિતી જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.અત્રે એ પણ સૂચક છે કે અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી બાબત હેઠળની મિલ્કત અંગે કોઈ કાર્યવાહી થયાનું દફતરે હોય તો મોકલવા જણાવેલ પરંતુ તેવી કોઈ વિગતો જાહેર માહિતી અધિકારી પક્ષે રજૂ થયેલ નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૦–૬–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેથી અપીલ અરજી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદારે પૂરક વિગતોમાં કરેલ કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર